અપીલ અરજી નં.૨૩૬ તા.૨૯–૧૦–૦૯ /૧૦

અરજદારઃ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૧૦–૦૯ ની અરજીથી (૧) ગુજરાત શોપીંગ (કુંવરજય સાડી સેલ) અમરોલી સર્કલ થી ડાબી બાજુમાં (બ્રીજની બાજુમાં) સાડી સેલ છેલ્લા ધણાં સમયથી ચલાવે છે. જે એક દુકાનમાં ચલાવે છે.તેમજ બાજુની માર્જીનની જગ્યાએ પતરાવાળું પાકુ બાંધકામ કરી દેવામાં આવેલ છે જેની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે નહિં? પરવાનગી ન આપેલ ન હોય તો કાર્યવાહી કરેલ છે કે કરવાની છે? તેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૯–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૬/૨૦૦૯–૧૦

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૧૦–૦૯ ની અરજીથી (૧) ગુજરાત શોપીંગ (કુંવરજય સાડી સેલ) અમરોલી સર્કલ થી ડાબી બાજુમાં (બ્રીજની બાજુમાં) સાડી સેલ છેલ્લા ધણાં સમયથી ચલાવે છે. જે એક દુકાનમાં ચલાવે છે. તેમજ બાજુની માર્જીનની જગ્યાએ પતરાવાળું પાકુ બાંધકામ કરી દેવામાં આવેલ છે જેની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે નહિં? પરવાનગી ન આપેલ ન હોય તો કાર્યવાહી કરેલ છે કે કરવાની છે? તેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર(પ અનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનના પત્ર નં.નોર્થઝોન/આ./૪૮૭૭ તા.૨૬–૧૦–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં.આરટીઆઈ સેલ/૮૫૮ તા.૭–૧૧–૦૯ થી ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.નોર્થઝોન/આ.૫૪૯૯ તા.૧૭–૧૧–૦૯ થી પુરક માહિતીમાં અરજદારની મૂળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નોર્થઝોન/આ.૪૮૭૭ તા. ૨૬–૧૦–૦૯ના પત્રની નકલ અત્રેના વિભાગને પુરી પાડેલ છે.

અરજદારે તા.૧૨–૧૦–૦૯ની અરજીથી ગુજરાત શોપીંગ (કુંવરજય સાડી સેલ) અમરોલી સર્કલ થી ડાબી બાજુમાં (બ્રીજની બાજુમાં) સાડી સેલ છેલ્લા ધણાં સમયથી ચલાવે છે. જે એક દુકાનમાં ચલાવે છે. તેમજ બાજુની માર્જીનની જગ્યાએ પતરાવાળું પાકુ બાંધકામ કરી દેવામાં આવેલ છે જેની વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે કે નહિં? પરવાનગી ન આપેલ ન હોય તો કાર્યવાહી કરેલ છે કે કરવાની છે? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન (કતારગામ) નાં કાર્યક્ષેત્રમાં નવા સમાવિષ્ટ વિસ્તારો પૈકી અમરોલી વિસ્તારમાં આવેલ અમરોલી સર્કલ થી ડાબી બાજુમાં (બ્રીજની બાજુમાં)ગુજરાત શોપીંગ કુંવરજય સાડી સેલ જે દુકાનમાં ચાલે છે. તે દુકાનની બાજુની માર્જીનની જગ્યાએ પતરાવાળું બાંધકામ કરી દેવામાં આવેલ છે તેની વિકાસ પરવાનગી અત્રેની કચેરીએથી આપવામાં આવેલ નથી. વધુમા, નિયમોનુસાર માર્જીનવાળી જગ્યામાં બાંધકામ કરવા માટે વિકાસ પરવાનગી આપી શકાય નહિં તે જાણશો. તેવી માહિતી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૨૯–૧૦–૦૯ થી માર્જીનવાળી જગ્યામાં પાકુ બાંધકામ થયેલ છતાં બાંધકામની વિરૂધ્ધમાં કોઈ કાર્યવાહી કરી છે કે? કરવાની છે તે વિગતો આપેલ નથી. એવુ જણાવી અપીલ અરજી કરેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રે મોકલેલ પૂરક વિગતોમાં કતારગામ કચેરીએથી કાર્યવાહી કરવામાં આવેલ નથી. તેવુ જણાવેલ છે. પરંતુ અરજદારને તેવી માહિતી આપ્યાની વિગતો રજુ કરેલ નથી. કરવાની છે કે નહીં? તે બાબતે આરટીઆઈ એકટની કલમ–૨ (એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેથી અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી નહીં પુરી પડાયેલ "બાંધકામ વિરુધ્ધમાં કોઈ કાર્યવાહી કરી છે કે કેમ? " તેટલા પુરતી માહિતી આરટીઆઈના કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ